# MyCARE

With me, every step of the way



“ હાઈપોગ્લાયસેમિયાના કિસ્સામાં **સારવાર** તરત શરૂ થવી જોઈએ. ”

USV

બસ,

# 15-15

## સારવારનો આ નિયમ

અનુસરો

# સ્ટેપ 1

**15 ગ્રામ ઝડપથી**
**અસર કરતું**
**કાર્બોહાઈડ્રેટ્સ લો.**




15 ગ્રામ કાર્બોહાઈડ્રેટ્સ આશરે

**3 નાનીચમચી ખાંડ/ ગ્લુકોઝ**

બરાબર અથવા આશરે

**4 ગ્લુકોઝ ટેબલેટ્સ** બરાબર છે.




# સ્ટેપ 2

**15 મિનિટ રાહ જુઓ,**
અને પછી બ્લડ ગ્લુકોઝ લેવલ
ફરી ચકાસો.




જો બ્લડ ગ્લુકોઝ લેવલ હજી પણ <70 mg/dL હોય તો, **આ જ સારવાર ફરીથી કરો.**



# ધ્યાન રાખવાની
# કેટલીક અગત્યની
# સાવચેતીઓ



**કાર્બોહાઈડ્રેટ અને પ્રોટીનથી ભરપૂર નાસ્તો/ભોજન કરો.** જેમ કે ફળ સાથે સૂકો મેવો, પનીર, ઈંડાની છાલ વગેરે જ્યારે બ્લડ ગ્લુકોઝ લેવલ >70 mg/dL હોય, જેથી હાઈપોગ્લાયસેમિયા ફરી થતો ટાળી શકાય.




**હાઈપોગ્લાયસેમિયાને ક્યારેય ફેટ્ટી આહાર સાથે સુધારવા પ્રયત્ન ન કરો** જેમ કે આઈસક્રીમ, ચોકલેટ્સ, ભારતીય મીઠાઈઓ અથવા ડેઝર્ટ્સ કેમ કે બ્લડ ગ્લુકોઝ લેવલ વધારવા માટે આ વધુ સમય લેશે.



જો બ્લડ ગ્લુકોઝ ઘટી જવાને લીધે તમે બેભાન થાઓ તો સંબંધીઓ અથવા સંભાળકર્તાને **મોં વાટે કાંઈપણ આપવાનું ટાળવા** અને તમને તરત નજીકની હૉસ્પિટલમાં લઈ જવા કહેવું જોઈએ.




પર્યાય તરીકે, તીવ્ર હાઈપોગ્લાયસેમિયાની સારવાર માટે **તમે ગ્લુકાગોન ઈંજેક્શાન્સ ઘરમાં રાખી શકો છો.**





**નોંધ:** વધુ માહિતી માટે તમારા ડૉક્ટર સાથે વાત કરો.


**રાત્રે સૂતી વખતે અને સવારે 3 વાગ્યે બ્લડ ગ્લુકોઝ લેવલ્સ ચકાસવું સલાહભર્યું છે** જેથી રાતના સમયે હાઈપોગ્લાયસેમિયા થતા ટાળી શકાય.



તમે બ્લડ ગ્લુકોઝ ઘટી ગયાનું અનુભવી રહ્યા છો કે કેમ તે ખાતરી કરવાની ચોક્કસ રીત જો શક્ય હોય તો **તમારી બ્લડ ગ્લુકોઝ ચકાસવાની છે.**



તજો તમે લક્ષણો અનુભવી રહ્યા હો અને કોઈ કારણસર તમે તમારી બ્લડ ગ્લુકોઝ ચકાસી નથી શકતા તો **હાઈપોગ્લાયસેમિયાની સારવાર કરો.**



“વધુ માહિતી માટે તમારા ડૉક્ટરનો સંપર્ક કરો અથવા તમારા **ડાયાબિટીસ એજ્યુકેટર**નો સંપર્ક કરો.”



MyCARE

With me, every step of the way

## Reference


- Salis S. (2020) Diet in Diabetes Simplified (2nd ed.). Chennai: Notion Press.
- McTavish L, Wiltshire E. Effective treatment of hypoglycemia in children with type 1 diabetes: a randomized controlled clinical trial. Pediatr Diabetes. 2011;12(4 Pt 2):381-387. doi:10.1111/j.1399-5448.2010.00725.x


Issued in Public Interest by USV

The guide/presentation/content/literature is for general information, guidance and educational purposes only and is not complete or exhaustive. The guide /presentation/content/literature is not intended or implied to replace or substitute any current practice and or advice/guidance/diet provided by healthcare professionals. This guide/presentation/content/literature does not constitute any treatment/therapy/medication/diet/opinions for any patients who are on diabetes medication, the patients are required to prior consult their healthcare professional before acting on any change on treatment/therapy/medication/diet and/or opinions. USV Private Limited makes no representations as to accuracy, completeness, correctness, suitability or validity of any information contained in this guide/presentation/content/ literature and will not be liable for any losses, injuries or damages arising from its use.